Eternity Literature & Social Science Review Journal (ELSSRJ)
Vollume : 2 ,Issue No : 2 e- ISSN:2456-3528

## Title of Article

# મહાભારતનાં સંદર્ભે 'માધવ ક્યાંય નથી' નવલકથાની સમીક્ષા

## Author/Researchers

ડો.નાઝીમા શેખ
(ગુજરાતી વિભાગ)
એસ.બી.મહિલા આર્ટ્સ કોલેજ, હિંમતનગર.

Issue Month& Year
April 2017

Editor-In-Chief
Dr. Dinesh K. Bhoya

# મહાભારતનાં સંદર્ભે 'માધવ કયાંય નથી' નવલકથાની સમીક્ષા

1970માં પ્રગટ થયેલી 'માધવ કયાંય નથી' હરીન્દ્ર દવેની નોંધપાત્ર નવલકથા છે. 'માધવ કયાંય નથી મધુવનમાં' કાવ્ય ઉપરથી શ્રી હરીન્દ્ર દવેએ નવલક્થાનું કથાબીજ લીધું છે. નવલકથામાં રાધકૃષ્ણનો ભાવ દર્શોવ્યો છે. કાવ્યમાં સ્વયં રાધા કૃષ્ણને શોધે છે. 'માધવ કયાંય નથી'માં નારદ કૃષ્ણની આદરે છે. બન્નેમાં ભાવ એક જ છે. 'નથી' દ્વારા ચોતરફ ફેલાયેલા છે. તેમની ઉત્કટ પ્રીતિનો અનુભવ કરાવે છે. કૃષ્ણ સર્વેત્રછે અને કૃષ્ણની ઉત્કટતા રહેશે. આજે તથા આવતીકાલે પણ તેમની ઝંખનામાં કૃષ્ણ હંમેશા જીવીત રહેશે.

'મહાભારત','હરિવંશ'.'ભાગવત'ના કથાવસ્તુને શ્રી હરીન્દ્ર દવેએ માત્ર 257 પાનામાં તેનો મર્મ સમાવી લીધું છે. નારદનાં પરિભ્રમણમાં આરંભથી અંત સુધી કૃષ્ણદર્શેનનો તલસાટ વર્ણેવ્યો છે. લેખકની રંગદશી શૈલી, પોતાની સમયશૂઝ કલાત્મક રજૂઆતથી કૃતિ સફળ બને છે. ગીતાના દસમાં અધ્યાયમાં આવતો ઉલ્લેખ જોઇએ :

દેવષિઓમાં હું નારદ છું. ભકિતમાં શ્રીકૃષ્ણ પોતે કહે છે. નારદનાં પરિભમ્રણમાં કૃષ્ણના જન્મથી લઇ મૃત્યુ સુધીનું આલેખન કર્યુ છે. આ દ્વારા નારદે પોતાની અપૂર્વેતા પ્રગટ કરી છે. નારદના પાત્ર દ્વારા વાચકનાં મનમાં માધવ કયાંય નથી તેની પ્રતીતિ કરાવે છે. શ્રીકૃષ્ણ નવલકથામાં અન્ય પાત્રો સાથે વાર્તોલાપ કરે છે, નારદની સાથે મિલન થતું નથી,'ભગવાનને ભકતનું મિલન નહિ જ' સ્થૂળ લૌકિક દૃષ્ટિએ તો શકય જનહિં એવી રીતે કર્તોની આયોજન તેમનાકથાતંતુનો અંશ છે. જયાં નારદનાં ચરણપડયાં ત્યાંથી કૃષ્ણ અલોપ અથવા જે સ્થળે  કૃષ્ણ છે ત્યાં નારદજી પહોંચે તે પહેલાં જ કૃષ્ણ વિદાય લે છે.

હમેંશા સિક્કાની બે બાજુ હોય છેઃ સારી-નરસી. તેવી જ રીતે એક બાજુ અનન્યપ્રેમની ધારા છે અને બીજી બાજુ સત્તાલાલસાનો મોહ. આ બન્નેનો સમન્વય થાય તો પરિણામ કેવું વિપરિત આવે છે તેનો પ્રત્યક્ષ અનુભવ 'માધવ કયાંય નથી'  માં પ્રાપ્ત થાય છે.સત્તાલાલસાનો મોહ એટલી હદ સુધી પ્રસરી જાય છે કે કુટુંબીજનોને વેરવિખેર કરી નાખે ત્યાં કૃષ્ણ જેવી દૈવી શકિત- ભગવાન સ્વંય ધરતી પર જન્મ લઇ ઉધ્ધાર કરવો પડે છે. નારદનાં પરિભ્રમણમાં કૃષ્ણની શોધ અને કૃષ્ણ પ્રત્યેની અન્ન્યભકિતનો ભાવ અહીં આલેખી કળિયુગમાં ભકિત એ જ ઉપાય છે. પુરાણોમાં દર્શોવ્યા મુજબ આ ભકિતરૂપી માર્ગે દ્વારા જ ભગવાન્નેપ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે. દરેક વ્યકિત પરમ તત્વની ઓળખ મેળવવા સતત ઝંખે છે. તીવ વિરહ અને અસિતત્વની ખોજ વચ્ચે જીવતાં માનવીમાં પણ કૃષ્ણતત્વ કેવી રીતે ફલિત થયું છે તેનું નિરૂપણ કૃતિમાં કલાત્મકરીતે થયું છે.

'માધવ કયાંય નથી'નવલકથામાં શરૂઆતથી બે ઘટના બને છે. યમુના નદીના ખોળેથીવૃષભાનું મૃત દીકરી રાધા પાછી મળે છે, તો નંદને ત્યાં ગોપાલનો જન્મ. ભકત અને ભગવાનનો સાયુજયનો અહીં જાણે સમન્વય સંધાય છે. નવલકથામાં  મુખ્ય બે તંતુ છે એક છેડે નારદ છે તો બીજા છેડે માનવ છે. આ તંતુને જોડનાર અને બન્ને વચ્ચે નંદ, રાધા, જશોદા, કંસ, જરાસંઘ, કર્ણે, પાંડવો, કૌરવો, યાદવો-

નું આલેખન એકબીજામાં ગુંથાયું છે. કારાગારમાં દેવકીના આઠમા સંતાનનો જન્મ થયો તેની જાણ થતાં જ નારદનું સ્વરૂપ બદલાવા લાગે છે. " શ્રીકૃષ્ણની શોધમાં નીકળેલા નારદને માટે મધ્યરાત્રિએ માત્ર કારાગારના દરવાજા જ ખૂલી જતાં નથી પરંતુ નિરાશાના ગઢમાં પુરાયેલા નારદના દરવાજા પણ ખૂલી જાય છે."

('માધવ કયાંય નથી'પૃ. ૭)

સાત-સાત સંતાનનોવધ કરનાર કંસ આઠમા સંતાનની આર્ષવાણી સાંભળી ફફળી ઊઠે છે. કંસના માથે મૃત્યુનો ભય ઝઝૂમે છે.આ ભયથી કંસ વધારે અમાનુષી બનતો જાય છે. કંસ કૃષ્ણનો વધ કરવા અનેક ષંડયંત્રો રચે છે. પરંતુ છેવટે કંસ કૃષ્ણને મથુરા બોલાવે છે તે દ્વારા જ મૃત્યુને આવકાર આપે છે. કંસને મુકત થવું છે. "બલરામ અને કૃષ્ણ આવશે અને હું મુકત થઇશ." કંસનો વધ કરે અને ત્યારથી જ કૃષ્ણની સમસ્યાઓ અંત નહિ આરંભ, કૃષ્ણ હવે વૃંદાવનનો મટી મથુરાવાસી યાદવોનો તારણહાર બને છે. કૃષ્ણ યાદવોના રક્ષણ માટે મથુરા છોડી પર્વત પર જતા રહે, પરંતુ જરાસંધ અને કાળયોવન ગુસ્સે થાય છે. અંતે યાદવોના હાથે જ સર્વનાશ પામે છે. જેને કૃષ્ણ રોકી શકતા નથી. વૃંદાવન અને મથુરામાં યાદવો પાસેથી અવાર-નવાર ગોપ-ગોપી પાસેથી કૃષ્ણ-ભકિતના અહેવાલ પ્રાપ્ત થયા જ કરે છે.

કૃષ્ણ-નારદની સાથે ક્રમિક રીતે કૌરવ-પાંડવોનું કથાવસ્તુ વિકસ્તું રહે છે. આર્યવર્તમાં કુરુઓ પાંચલોની ઇર્ષા કરે છે. ભરતના વંશજો અંદર-અંદર લઢી રહયાં છે. આર્યવર્તના જાણે ટુકડેટુકડા થઇ રહ્યા છે. આર્યવર્તમાં બધા વેતિયા બની બેઠા છે, સત્ય, ન્યાય, અહિંસાની ઠેકડી ઊડતી જણાય છે. આર્યવ્રતને એક કરવા કૃષ્ણની ઝંખના યુગ ઉધ્ધારક મહાપુરુષ સમી છે. અંતે કૌરવોને પક્ષે યાદવોની સૈન્ય અને પાંડવો સાથે કૃષ્ણ પોતે છે પરંતુ વચન આપે છે કે ધર્મના પક્ષે રહીશ પણ ન્યાય સામે શસ્ત્ર નહીં ઊચકું. અંતે યુધિષ્ઠિર કહે છે:" અમે જીત્યા નથી, મહાકાળ જીત્યો છે, મૃત્યુ જીત્યું છે. પાંડવો જે ધર્માઓ હતા તેનો જ આ ભીક્ષણ યુધ્ધ પછી બચ્ચાછે. કારણે કે એમને પક્ષે કૃષ્ણ હતાં." ('માધવ કયાંય નથી"- પૃ.211)

શ્રી હરીન્દ્ર દવે તેમની નવલકથા 'માધવ કયાંય નથી'-માં તથા 'કૃષ્ણઅને માનવસંબંધો અને કવિતા'માં .... તેમનાં આલેખનમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર વૈવિધ્યસભર છે. તેમણે 'ભાવના-વિભાવના'માં નોધ્યું છે: " કૃષ્ણ એ મારે માટે સર્જનનો વિષય નથી સર્જનહાર સ્વયં છે. મેં કયારે કૃષ્ણકવિતા લખી એમ કહેવાનો બદલે કૃષ્ણએ કવિતામાં પ્રવેશવાનું પસંદ કયુ. એમ કહેવું હું વધારે પસંદ કરીશ......... હું તમારી સાથે વાત કરું છું એ રીતે કૃષ્ણ સાથે વાત કરી છે. એમ મને લાગે છે એટલેજ મેં એ ગીતામાં લખ્યું છે.:

" મને મારગે મળ્યાંતા શ્યામ કોણ માનશે ?

મને મીટ્માં કળ્યાંતા શ્યામ કોણ માનશે ?"

સ્થૂલ સ્વરૂપે કૃષ્ણ કયાંય નથી, સૂક્ષ્મરૂપે સવત્રે છે. તે જ રીતે નારદનાં સંવાદમાં વેદનામાં છે, ઇષ્ટદેવ તરફની શ્રધ્ધા શબ્દમાં અંકિત કરી છે. મારે નારદે સાથે લાંબા સમયથી એક સંવાદ કરવાનો

છે. "વિધિ અમારા બંનેથી રૂઠી છે અને અમને બંન્ને મળવા દેતો નથી. પણ અવતાર સંકેલી લઉં એ પહેલાં એકવાર એમને મળવું છે. નારદને કહેજો કે કૃષ્ણ તમારા માટે જીવ્યાં છે."

માનવી દેખાય છે તેનાં કરતાં તેના વિચારો નિરૂપણમાં એમની શૈલી વધારે ઉત્કટ નીવડતી હોય છે. તેમની શૈલીમાં કૃષ્ણમિલનની ગૂઢ વેદના તથા આરત નારદના પાત્રમાં અભિવ્યકિત થઇ છે. દુનિયા-પરિસ્થિતિ વાત લેખકે કરી છે. " હું તો પૃથ્વીપરભટ્કતો રહું છું, જયાં જઉં છું ત્યાં વિધિપૂર્વકનો સત્કાર પામું છું પણ મારા ચરણ પલાળવા રાજવીઓ જે જળ ભરીને લાવે છે એ ડહોળાઇ ગયા છે એટ્લે જ જુઓ,આ પગના તળિયે જામેલાં મેલ ધોવાતો નથી." અહીં હરીન્દ્ર દવેએ મહાભારતનું મિથ પસંદ કરી માનવીઓની બદલાતી જતી જીવનશૈલીનો ચિતાર આપી " દરવાજા પર કંઇક જોરથી અફળાયુ.... એના વિરહમાં ઝુરનારાઓ હશે અને એમના તપે આ દુનિયા ટકી રહેશે."

શ્રી હરીન્દ્ર દવેએ 'માધવ કયાંય નથી' માં શ્રીકૃષ્ણથી દૂર રહેતા નારદની વાત કરી છે. તેમાં જણાવ્યા મુજબ શ્રીકકૃષ્ણ દેવીપાત્ર, તેમણેબે સજીવ પદાર્થેનું સ્વરૂપ કેવું હોય અને એ મળે ત્યારે બદલાયા વિના રહે નહીં તેનો તર્ક ચર્ચાનો વિષય છે. તેથી મહાભારતનાં આધરે કૃષ્ણનાં ચરિત્રોનું સીધુ આલેખન કરવાને બદલે પરાક્રમોને જ વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. આમ છતાં અતિમાનવીયનાં ચમત્કારો તો વર્ણવ્યા છે. કંસના વધ વખતે કૃષ્ણ ગોવાળિયા નથી પરંતુ સાક્ષાત ઇષ્ટદેવનું સ્વરૂપ પ્રગટે છે. યાદવોના તારણહાર સમયે ગોવર્ધન પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણના બ્રહ્માનું સાક્ષતારૂપ છે. શ્રીકૃષ્ણ યમુનામાં નાહતા રાધાને યાદ કરે છે ત્યારે લોકોત્તર પુરુષનું આલેખન થયું છે. દ્વારિકાના રાજમહેલમાં દેવકીમાતા ભાણામાં ગોરસ પીરસે છે ત્યારે ગોકુલના સંસ્મરણો વાગોળે છે. અને યાદવોના આંતરકલહ જોઇ ભારે વ્યથા અનુભવે છે........વગેરે પ્રસંગોમાં શ્રીકૃષ્ણ 'અતિમાનવ'ન લાગતાં સામાન્ય પુરુષ વધારે લાગે છે. દ્રૌપદી-વસ્ત્રાહરન પ્રસંગે 'ગોવિંદ,ગોવિંદ'..... અવાજમાં દુ:શાસનની વસ્ત્રો ખેંચવાની શકિત જ જતી રહે છે. આ પ્રસંગે શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ આવતા નથી.

ટૂંકમાં મહાભારત આધરે 'માધવ કયાંય નથી'નવલકથામાં શ્રીકૃષ્ણનું ચરિત્ર છે. શ્રી મનુભાઇ પંચોળી તો કૃષ્ણના પાત્ર માટે નોંધે છે વ્યથા એ મહાપુરુષોઅને મળેલું વરદાન છે, પછી એ મહાપુરુષ શ્રીમાર, શ્રીકૃષ્ણ હોય કે મહાત્મા ગાંધીજી કે પછી વડાપ્રધાન કે રાજપુરુષ હોય- વ્યથામાંથી ઘડાઇને પારિજાતનું પુષ્પ સમું તેમનું વ્યકિતત્વ ખીલે છે.''જન્મીને માતા-પિતાનું સુખ અનુભવ્યું નહિ, પરને ત્યાં પોષાઇને જયાં પ્રેમાનુભવ કર્યો ત્યાં વિયોગની ઘડી આવી. જેની સેવા કરી, દાસત્વમાંથી છોડાવ્યા તે યાદવો જ સુરામય બની અંદર અંદર કપાઇ મૂઆ. જેમને માટે મહાભારત ખેડયું તેમણે હિમાળો ગાળ્યો મને છેવટે પ્રાચીન પીપળે દેહોતસર્ગ કરેલ ત્યારે પણ ન હતો રાધા કે ન હતા રુકિમણી. હા, એક વસ્તુ હતી કે સંસારના નિર્દોષોને પીડનાર કંસ, જરાસંઘ કે દુર્યોધન નહોતા રહયા. સંસાર નિર્વિઘ્ન બન્યો હતોઅને એથીયે વધારે આસ્થાળુ બન્યો હતો'' .(માધવ કયાંય નથી'પૃ.16)

**સંદર્ભ નોંધ:**


| પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાશન વર્ષ |
|---|---|---|
| માધવ કયાંય નથી | હરીન્દ્ર દવે | 1970 |

# Green Flag Foundation , Sonasan

Sabarkantha, Gujarat - 383210,IND.
Web: www.eternityzxy.com , emai : patelrjsh4@gmail.com,
Contect no : +91 9724590815,

Eternity Literature & Social Science Review Journal

Eternity Literature & Social Science Review Journal
Eternity Literature & Social Science Review Journal

ELSSRJ
e-Journal For Scholar

Eternity Literature & Social Science Review Journal

**ISSN 2456–3528**


## Certificate of Article

This is to certify that our Editorial board and Peer review team accepted the Article Under title Mahabharatna Sandarbhe Madhav Kayay Nathini Samiksha. Which is submitted by Dr. Nazima Shekh. This Research Article is original and innovative. It is double blind peer re-viewed. This paper is published in Volume –II, Issue- II (April-2017 Issue).

CHIEF EDITOR
Eternity Literature &
Social Science Review Journal